International Year of Cooperatives 2025

# કિસાન જ્યોત

## ખેડૂત માર્ગદર્શીકા

### હવામાન આગાહી આધારીત જૂનાગઢ જીલ્લાના ખેડૂતો માટે કૃષિ વિષયક માહિતી

| હવામાન પરિબળો | હવામાન આગાહી આગામી પાંચ દિવસ (તારીખ :- 11 થી 15 ઓક્ટોબર, 2025) | | | | |
|---|---|---|---|---|---|
| તારીખ | ૧૧/૧૦ | ૧૨/૧૦ | ૧૩/૧૦ | ૧૪/૧૦ | ૧૫/૧૦ |
| વરસાદ (મિમી) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મહત્તમ તાપમાન (સે.ગ્રે) | ૩૫ | ૩૫ | ૩૬ | ૩૬ | ૩૬ |
| લઘુત્તમ તાપમાન (સે.ગ્રે) | ૧૯ | ૧૯ | ૨૦ | ૨૦ | ૨૦ |
| વાદળની સ્થિતિ | મોટેભાગે ચોખ્ખું | મોટેભાગે ચોખ્ખું | મોટેભાગે ચોખ્ખું | મોટેભાગે ચોખ્ખું | મોટેભાગે ચોખ્ખું |
| સવારના ભેજના ટકા | ૭૫ | ૭૩ | ૭૦ | ૭૦ | ૭૦ |
| બપોર બાદના ભેજના ટકા | ૫૦ | ૫૦ | ૫૦ | ૫૦ | ૪૭ |
| પવનની ગતિ (કિમી-કલાક) | ૭ | ૬ | ૫ | ૫ | ૬ |
| પવન દિશા | ૨૨ | ૨૪ | ૨૭ | ૪ | ૪ |

## હવામાન આધારિત માહિતી

ભારત સરકારશ્રી ના હવામાન વિભાગ તરફથી મળેલ હવામાન આગાહીની માહિતી અનુસાર જૂનાગઢ કૃષી યુનીવર્સીટી, જૂનાગઢ તરફથી જણાવવામાં આવે છે કે દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના જૂનાગઢ જીલ્લામાં આગામી તારીખ **૧૧** થી **૧૫** દરમ્યાન આકાશ મુખ્યત્વે મોટેભાગે ચોખ્ખું રહેશે, જીલ્લામાં આગામી પાંચ દિવસ દરમ્યાન વરસાદની શક્યતાઓ નથી. પવનની ઝડપ **૫** થી **૭** કિમી પ્રતિ કલાક રહેવાની શક્યતાઓ રહેશે. આ સમયગાળામાં મહત્તમ તાપમાન **૩૫** થી **૩૬** ડીગ્રી સેન્ટીગ્રેડ રહેશે તેમજ લઘુત્તમ તાપમાન **૧૯-૨૦** ડીગ્રી સેન્ટીગ્રેડ રહેવાની સંભાવનાઓ છે

# સાવચેતીના પગલા



- પાક પર જીવાત અને રોગો માટે સતત નિરીક્ષણ કરવું જોઈએ. ખેડૂતોને જંતુનાશકનો ઉપયોગ અને પાક સંબંધિત અન્ય માહિતી માટે નજીકના કૃષિ વિજ્ઞાન કેન્દ્રની સલાહ લેવી જોઈએ.
- ચોમાસું પાકોની પરિપક્વ અવસ્થાએ કાપણી અને લણણીની કામગીરી કરવી.
- ચોખ્ખા હવામાનની સ્થિતિમાં ખેતીકાર્યો કરવા
- આપના પાલતુ પશુઓને વરસાદ ન હોઈ ત્યારે રહેઠાણની બહાર રાખવાં અને પશુ રહેઠાણને ચોખ્ખું અને સુકું રાખવાની વ્યવસ્થા કરવી.
- ચોખ્ખાં હવામાન સમયગાળા દરમિયાન પાકમાં ફૂગનાશક, રોગનાશક, નિંદામણ નાશક, કીટનાશક અને ખાતર આપવાની કામગીરી કરવી.
- ચોખ્ખાં હવામાન સમયગાળા દરમિયાન મગફળી તેમજ અન્ય ખરીફ પાકોની કાપણી અને થ્રેશીંગ કરવું અને ઉત્પાદનને સલામત જગ્યાએ સંગ્રહવાની વ્યવસ્થા કરવી.

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-જૂનાગઢ ના દૈનિક ભાવ તેમજ માહિતી રોજેરોજ મેળવવા માટે નીચે આપેલ લોગો ઉપર ક્લીક કરી અમારા એકાઉન્ટ ને ફોલો કરો**

| પાકનું નામ | પાક અવસ્થા | રોગ, જીવાત જાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| **ચોમાસું મગફળી** | ડોડવા<br>વિકાસ<br>પરિપક્વ | મુંડા<br>ગેરુ<br>લશ્કરી ઇયળ<br>લીલી ઇયળ | ➤ દાણાના વિકાસમાં સુધારો કરવા માટે પોટેશિયમ સલ્ફેટ @ ૧૦૦ ગ્રામ સાથે ૫ – ૧૦ ગ્રામ જીબરેલિક એસિડ ૧૦ લિટર પાણીમાં નાખી છંટકાવ કરવો<br>➤ રાસાયણિક દવાના હાનીકારક અવશેષો પાકની કાપણીની અવસ્થાએ રહેતા હોઈ કોઈપણ રાસાયણિક દવાઓનો છંટકાવ કરવો હિતાવહ નથી<br>➤ દેહધાર્મિક પરિપક્વ અવસ્થાએ કાપણી ની કામગીરી કરવી |
| **કપાસ** | ફૂલ ભમરી<br>જીંડવા | થ્રીપ્સ<br>મોલો મશી<br>સફેદ માખી<br>તડતડીયા<br>ગુલાબી ઇયળ<br>મિલી બગ | ➤ કપાસના પાકમાં ફૂગનાશક, રોગનાશક, કીટનાશક અને ખાતર આપવાની કામગીરી ચોખ્ખાં હવામાન સમયગાળા દરમિયાન કરવી. પાકને જરૂરિયાત મુજબ પિયત આપવાની કામગીરી કરવી<br>➤ પાકને જરૂરિયાત મુજબ પિયત આપવાની કામગીરી કરવી<br>➤ ખાતરી કરો કે ફેરોમોન ટ્રેપ કાર્યરત છે અને દર ૨ થી ૩ અઠવાડિયે લ્યુર બદલો. જો ફૂદાંની ટ્રેપમાં સંખ્યા સતત વધારે હોય (૮-૧૦ ફૂદાં/ટ્રેપ/રાત), તો ભલામણ કરેલ જંતુનાશક દવાનો છંટકાવ કરવો<br>➤ પાકની જાત પ્રમાણે, જ્યારે છોડની ઊંચાઇ આશરે ૪ થી ૫ ફૂટની થાય ત્યારે હાથ વડે તેની ટોચ કાપવી (ડોકા તોડવા<br>➤ ૧૦લિટર પાણીમાં ૧૦ મિલી ડેલ્ટામેથ્રિન અથવા ટ્રાઇઝોફોસનો છંટકાવ કરવો અથવા ૧૦ લિટર પાણીમાં ૧૦૦ ગ્રામ બ્યુવેરિયા બાસિયાના પાવડર સાથે ૨૦ મિલી પ્રોફેનોફોસ મિશ્ર કરીને છંટકાવ કરવો, અને સાથે ગુલાબી ઇયળના ફેરોમોન ટ્રેપ ગોઠવવા<br>➤ બર્ડ પર્ચીસ ગોઠવવા<br>➤ ખરેલા ફૂલ, ચાંપવા અને જીંડવાને એકત્રિત કરી નાશ કરવો |

| પાકનું નામ | પાક અવસ્થા | રોગ, જીવાત જાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| સોયાબીન | શીંગ વિકાસ / પરિપક્વ | | ➤ ખેતરના તમામ ખેતી કાર્યો ચોખ્ખા હવામાનની સ્થિતિમાં કરવા<br>➤ રાસાયણિક દવાના હાનીકારક અવશેષો પાકની કાપણીની અવસ્થાએ રહેતા હોઈ કોઈપણ રાસાયણિક દવાઓનો છંટકાવ કરવો હિતાવહ નથી<br>➤ દેહધાર્મિક પરિપક્વ અવસ્થાએ કાપણી ની કામગીરી કરવી |
| અડદ | શીંગ વિકાસ / પરિપક્વ | | ➤ ખેતરના તમામ ખેતી કાર્યો ચોખ્ખા હવામાનની સ્થિતિમાં કરવા<br>➤ રાસાયણિક દવાના હાનીકારક અવશેષો પાકની કાપણીની અવસ્થાએ રહેતા હોઈ કોઈપણ રાસાયણિક દવાઓનો છંટકાવ કરવો હિતાવહ નથી<br>➤ દેહધાર્મિક પરિપક્વ અવસ્થાએ કાપણી ની કામગીરી કરવી |
| મગ | શીંગ વિકાસ / પરિપક્વ | | ➤ ખેતરના તમામ ખેતી કાર્યો ચોખ્ખા હવામાનની સ્થિતિમાં કરવા<br>➤ રાસાયણિક દવાના હાનીકારક અવશેષો પાકની કાપણીની અવસ્થાએ રહેતા હોઈ કોઈપણ રાસાયણિક દવાઓનો છંટકાવ કરવો હિતાવહ નથી<br>➤ દેહધાર્મિક પરિપક્વ અવસ્થાએ કાપણી ની કામગીરી કરવી |
| તલ | બઢધા વિકાસ / પરિપક્વ | | ➤ ખેતરના તમામ ખેતી કાર્યો ચોખ્ખા હવામાનની સ્થિતિમાં કરવા<br>➤ રાસાયણિક દવાના હાનીકારક અવશેષો પાકની કાપણીની અવસ્થાએ રહેતા હોઈ કોઈપણ રાસાયણિક દવાઓનો છંટકાવ કરવો હિતાવહ નથી<br>➤ દેહધાર્મિક પરિપક્વ અવસ્થાએ કાપણી ની કામગીરી કરવી |

| પાકનું નામ | પાક અવસ્થા | રોગ, જીવાત જાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| તુવેર | વૃદ્ધિ | થ્રીપ્સ<br>મોલો મશી<br>તડતડીયા | ➤ પાકમાં ફૂગનાશક, રોગનાશક, નિંદામણ નાશક, કીટનાશક આપવાની કામગીરી ચોખ્ખાં હવામાન પરિસ્થિતિ દરમિયાન કરવી<br>➤ ચોખ્ખાં હવામાન સમયગાળા દરમિયાન ખેતર પરનાં બધાં ખેતકાર્યો કરવા |
| શાકભાજી | | | ➤ પાણીનો ભરાવો ન થાય તે માટે, ખેતરની તમામ નિકાલની ચેનલો અને વાવણીના ચાસ તરત જ સાફ કરી, પાણીના નિકાલની ખાતરી કરવી<br>➤ વધારે ભેજ અને વરસાદથી, ફૂગજન્ય અને બેક્ટેરિયાજન્ય રોગો જેવા કે પાંદડાના ટપકા, બ્લાઇટ અને ભુકીછારા ની શક્યતાઓ વધી શકે છે<br>➤ વેલાવાળા કે ઉંચા શાકભાજી માં જમીન ભીની હોવાને લીધે નીચે ઢળી શકે છે તો આવી સ્થિતિ માં તેને ટેકો (માંડવા) ની વ્યવસ્થા કરવી જોઈએ<br>➤ પાકેલા શાકભાજી નો વરસાદ આવે તે પહેલા વીની કરી લેવી અથવા વરસાદ પછી છોડ સુકાઇ જાય પછી કરવી જોઈએ<br>➤ ભીની કાપણી કરેલ પેદાશ (ઉત્પાદન) બગડી જવાની સંભાવના વધારે હોય છે અને તેનો સંગ્રહકાળ ઓછો થઇ જાય છે. તેથી, તેને કાળજીપૂર્વક સંભાળવી અને પરિવહન અથવા સંગ્રહ માટે પેક કરતાં પહેલાં તેની સપાટીને સૂકવી લેવી |

| પાકનું નામ | પાક અવસ્થા | રોગ, જીવાત જાત | કૃષિ સલાહ |
| --- | --- | --- | --- |
| પશુપાલન | | | ➤ પશુઓને યોગ્ય આહાર આપવો & પીવા માટે ચોખ્ખું પાણી આપવું અને પશુઓના રહેઠાણ ચોખ્ખા રાખવા<br>➤ માખી મચ્છરથી રક્ષણ માટે ફીનાઈલ છાટવું<br>➤ પશુઓને યોગ્ય આહારમાં ખનિજયુક્ત મિશ્રણ સાથે સંગ્રહિત ચારા આપો. ચારા ને સલામત સ્થળે સંગ્રહિત કરવો જોઈએ<br>➤ ચારા માટે ચાફ કટર વાપરો<br>➤ પશુઓમાં ઈતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથ્રીન અથવા એમીટાઝ ૨ મીલી/ ૧ લીટર પાણીમાં નાખીને છાટવી<br>➤ દુધાળા પશુઓના આઉને ઝીંક ઓક્સાઈડ અથલા બોરીક પાવડરથીબરાબર સાફ કરવા<br>➤ ચોમાસા દરમિયાન ફુટ એન્ડ માઉથ ડિસીઝ (એફ.એમ.ડી.), હેમોરહેજિક સેપ્ટિસેમિયા (એચ.એસ.) અને બ્લેક ક્વાર્ટર (બી.ક્યુ.) જેવા |